SHABDBRAHM VOLUME 1, ISSUE 1, APRIL 2025

# કચ્છનું અર્થતંત્ર અને પ્રવાસનનો અભ્યાસ

મિનેષકુમાર સુનીલભાઈ સોલંકી

પી.એચડી સ્કોલર, એસ.પી. યુનિવર્સીટી.

સી.બી.પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ

Page 139 to 150

**પ્રસ્તાવના :-**

પ્રવાસન સ્થળોએ જીવનને નવી દ્રષ્ટિથી માણવાનું એક ઉત્તમ માધ્યમ છે. આજના આધુનિક યુગમાં વ્યસ્ત જીવનશૈલી વચ્ચે આરામ અને આનંદ મેળવવા માટે લોકો પ્રવાસન તરફ આકર્ષાય છે. પ્રકૃતિની શોભા, ઐતિહાસિક વારસો, અને વિવિધ સંસ્કૃતિઓનું સંમેલન જોવા અને માણવા માટે પ્રવાસન અનિવાર્ય સાધન બની ગયું છે. વિશ્વમાં ઘણી અનોખી જગ્યાઓ છે, જ્યાં પ્રકૃતિ ના અજોડ દ્રશ્યો અને માનવ દ્વારા સર્જેલા ઐતિહાસિક ચિન્હો આપણને મન્ત્રમુગ્ધ કરે છે.આ પ્રવાસન સ્થળો માત્ર મનોરંજન પૂરતું નથી, પરંતુ માનવીના જ્ઞાન માં વધારો કરે છે અને વૈશ્વિક દ્રષ્ટિકોણ વિકસાવે છે.

❖ **હેતુઓ :-**

- કચ્છના પ્રવાસન સ્થળોની જાણકારી મેળવવી.
- કચ્છના આર્થિક વિકાસમાં પ્રવાસનોનો ફાળો જાણવો.
- કચ્છના વિકાસમાં પ્રવાસન ક્ષેત્રની ભાવિ તકો જાણવી.

❖ **કચ્છ :-**

કચ્છ એ પ્રાચીન ભૂમિ છે; તેનો મુખ્ય ઈતિહાસ તેનો ઐતિહાસિક સમયગાળો છે. તેની ભૌગોલિક લાક્ષણિકતા અને કાચબા જેવા આકાર ના કારણે તેને કચ્છ તરીકે ઓળખવામાં આવે છે આ નામ પ્રાચીન ઈતિહાસ માં અસ્તિત્વ માં છે.ગુજરાત માં સૌથી મોટો જિલ્લો કચ્છ ગુજરાત ની પશ્ચીમે આવેલો છે. કચ્છ નો ઈતિહાસ હજારો વર્ષ જૂનો છે અને તેમાં સીધું નદીના કાંઠે વિકશેલી 'હળપ્પા સંસ્કૃતિ' નો સમાવેશ થાય છે. કચ્છ ભૂમિનો વિસ્તાર 45,162 ચો કી. મી ને આવરી લે છે અને તેનો દરિયા કિનારો અરબી સમુદ્રમાં 300 કી. મી થી વધુ ફેલાયેલો છે. કચ્છની  લગભગ મોટા ભાગની જમીન

કચ્છ નું મહાન રણ (સફેદ રણ ) છે જે એક સમય સિંધુ નદીનું નદીમુખ હતું, તે હવે સપાટ અને ઉજ્જડ છે. આગળ પૂર્વ માં નાનું રણ છે જે હવે ભારત ના જંગલી ગધેડા ના ટોળાઓનું અભ્યારણ છે.

હસ્તકલા એ કચ્છની પરંમપરા નો એક મહત્વપૂર્ણ ભાગ છે અને ખાસ કરીને તેમાં ભરતકામ, ચામડા ની બનાવટો, માટીકામ, લાકડા કામ, અજરખ (કચ્છ નું બ્લોક પ્રિન્ટિંગ ) વગેરે નો સમાવેશ થાય છે. હસ્તકલા નો ઉપયોગ તે સ્થાનિક લોકોની આજીવકા અને રોજગારી ના સાધન તરીકે થાય છે.

❖ **કચ્છના પ્રખ્યાત પ્રવાસન સ્થળો**

**1) કચ્છ રણ**

કચ્છનું રણએ લગભગ 26,000 ચોરસ કિલોમીરમાં ફેલાયેલું છે. કચ્છનું મોટું રણ એ રણનો મોટોભાગ છે.તે પૂર્વ અને પશ્ચિમમાં વિસ્તરે છે. કચ્છનું નાનું રણ મહાનરણની દક્ષિણપૂર્વમાં આવેલું છે અને દક્ષિણ તરફ કચ્છના અખાત સુધી વિસ્તરે છે.

ગુજરાત સરકાર દ્વારા સફેદ મીઠાના રણમાં ધોરડો ગામ નજીક દર વર્ષે ડિસેમ્બર થી ફેબ્રુઆરી દરમિયાન વાર્ષિક ત્રણ મહિનાના રણ ઉત્સવ નું આયોજન કરવામાં આવે છે. આ રણ ઉત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમ જેમ કે સાંજે યોજાતા BSF કેમલ શો, હોટ – એર બલુનિગ જેવી સાહસિક પ્રવુતિઓ,ડિકેટ્સ, હસ્તકલા, ખાધપદાર્થોનું વગેરેનું વેચાણ કરતા ઘણા સ્ટોલ, ઊંટની ગાડી પર્યટન પેરમોટરીંગ ગોલ્ફ કાર્ટ, એટીવી સવારી વગેરે કરવામાં આવે છે. ત્યાંની મહિલાઓ દ્વારા વિવિધ ભરતકામની શૈલીઓનું કામ જેમકે રબારી,આહીર, સિંધી, અને બન્ની, મુંધવા, અરી જેવી કલાઓ માટે જાણીતું છે. જે. પી દત્તાની બોલીવુડ ફિલ્મનું શૂટિંગ, રેફ્યુજાનું કચ્છના રણમાં થયું હતું.

**2) ભુજ**

આ નગર ખરેખર સમુદ્ર અને ગતિશીલ ઈતિહાસ ધરાવે છે. ભૂતકાળમાં રચવામાં આવેલા કિલ્લાઓ અને યુદ્ધના સમય દુશ્મન દ્વારા કરવામાં આવતા હુમલા સેમ રક્ષણ મેળવવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો તે સમયના યુદ્ધના ચકરવ્યુંહ ના આધારે તેની દિવાલો અને કિલ્લાઓના નિર્માણ માટે જાણીતું છે.

ભુજ શહેરની સ્થાપના 1510માં રાવ હમીરજી દ્વારા કરવામાં આવી હતી.1549માં રાવ ખેંગારજી દ્વારા રાજધાની બનાવમાં આવી.1947 થી 1956 સુધી ભુજ કચ્છ રાજ્યનું પાટનગર રહ્યું હતું.1960 પછી કચ્છ ગુજરાત રાજ્યનો ભાગ બન્યું.

**3) ધોળાવીરા**

ધોળાવીરા હડપ્પન સંસ્કૃતિનું એક મહત્વપર્ણ સ્થળ છે. જે ગુજરાતના કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં સ્થિત છે. ધોળાવીરાની સ્થાપના લગભગ ઈસ. પૂર્વે 3000 થી 1500 ના સમય ગાળામાં વસેલું હોવાનું મનાય છે. ધોળાવીરા માટે ખાસ કરીને અધતન જળવ્યવસ્થા પ્રખ્યાત છે. અહીં તળાવને નાળાઓના ઉપયોગ દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવતો હતો આ રેખાઓ તેમના અવકાશ વિજ્ઞાન અને પર્યાવરણ અંગેના જ્ઞાનનું ઉત્તમ ઉદહરણ છે.

ધોળાવીરા પ્રાચીન સમયની ઉત્તમ નગર વ્યવસ્થા માટે જાણીતું હતું જેમાં નિર્માણયુક્ત રસ્તાઓ, મકાનો, નાળાઓની અને નાળીઓના વ્યવસ્થિત નેટવર્કનો આયોજન માટે જાણીતું હતું.2021માં તરીકે ઘોષિત કરવામાં આવ્યું હતું જે તેના વૈશ્વિક મહત્વને રેખાંકિત કરે છે.

**4)માંડવી**

માંડવી કચ્છ જિલ્લાનું અતિમહત્વપૂર્ણ ઐતિહાસિક પર્યટન સ્થળ છે. જે તેના ઈતિહાસ, સુંદર દરિયા કિનારાઓ અને ઔલક વાયરસિડ માટે જાણીતું છે. માંડવી ગુજરાત ના કચ્છ માં સ્થિત છે અને ભુજથી લગભગ 60 કી. મી દૂર આવેલું છે. માંડવી શહેર ની સ્થપના 1780 માં કચ્છના જાડેજા રાજવીરો દ્વારા કરવામાં આવી હતી તે તેમના મુખ્ય બંદર અને વેપાર કેન્દ્ર તરીકે જાણીતું હતું.

માંડવી એક મહત્વપૂર્ણ બંદર હતું, જ્યાંથી મસાલા, કપડાં અને અન્ય વસ્તુઓના વેપાર માટે જાણીતું હતું. અને ત્યાં મુખ્ય જહાજ નિર્માણ માટે વિશ્વ પ્રસિદ્ધ છે. માંડવી માં અન્ય પ્રવાસન સ્થળો તરીકે માંડવી બીચ, રામપુરા ખીજડા મસ્જિદ જેવા મુખ્ય આકર્ષણ કેન્દ્ર છે.

**5) લખપત કિલ્લો**

લખપત કિલ્લો ગુજરાત ના કચ્છ જિલ્લા માં સ્થિત છે અને તે તેની ઐતિહાસિક અને રક્ષાણાત્મક મહત્વતા ના કારણે ખુબ જ જાણીતો છે. આ કિલ્લાનું નિર્માણ આશરે 1801માં કચ્છ ના જાડેજા શાશક જગતસિંહજી દ્વારા કરવામાં આવ્યું હતું. તેનું નિર્માણ રક્ષાણાત્મક અને બંદર ના સ્વરૂપ માં કરવામાં આવી હતી. આજે લખપત કિલ્લો તેના મજબૂત બાંધકામ અને સુરક્ષાની મહત્વતાના કારણે પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્રં લાગ્યો છે.

**6) ખાવડા ગામ**

ખાવડા ગામ કચ્છના મુખ્ય પ્રવેશદ્વારો માંથી  તેની કડિયાકામ, કઢાઈ અને મકાનની બનાવટ જેવી કલા માટે જાણીતું છે. ખાવડા ગામ થી કચ્છના સફેદ રણ નો સુંદર અને નયનગમ્ય નજારો દેખાતો હોવાથી તે પ્રવાસીઓમાં આકર્ષણ નું કેન્દ્ર બનેલું રહ્યું છે. આ ગામના લોકો તેમની હસ્તકલા, ખાસ કરીને કાચની કઢાઈ અને શંકુ મકાન બનાવવામાં માટે જાણીતા છે.

**7)નારાયણ સરોવર**

નારાયણ સરોવર એ ગુજરાત રાજ્ય ના કચ્છ જિલ્લા માં આવેલું એક પવિત્ર અને યાત્રાધામ છે.આ સ્થાન હિંદુ ધર્મમાં મહત્વનું છે. શ્રીમદ ભાગવત માં વર્ણવાયેલા પાંચ સરોવરોના જૂથ ને 'પંચસરોવર ' કહેવાય છે.તે પાંચ સરોવર છે માન સરોવર,બિંદુ સરોવર, નારાયણ સરોવર, પમ્પા સરોવર અને પુષ્કર સરોવર તેમાંનું આ એક સરોવર છે. નારાયણ નો અર્થ થાય છે ભગવાન વિષ્ણુનું સરોવર. પૌરાણિક કથાઓ અનુસાર સરસ્વતી નદી નારાયણ સરોવર નજીક દરિયા ને મળતી હતી અને આ સરોવર ને પાણી થી ભરી દેતી હતી. તેથી આ સરોવર ને પવિત્ર માનવામાં આવે છે. આવા ધાર્મિક ઈતિહાસ ના કારણે આ સરોવર પ્રવાશનીઓ માટે આકર્ષણ નું કેન્દ્ર બન્યું છે.

**8)કાળો ડુંગર**

કાળો ડુંગર (બ્લેક હિલ ) કચ્છ માં આવેલું એક ઐતિહાસિક પ્રવાસન સ્થળ છે. તે કચ્છ ના ઉત્તર ભાગમાં આવેલું સૌથી ઉંચુ શિખર છે. આ સ્થળની લોકપ્રિયતાનું કારણ તેની પાછળ નો ઐતિહાસિક ઈતિહાસ છે. આ ડુંગર પર આવેલુ ભગવાન દત્તાત્રય નું મંદિર અને તેનો ઈતિહાસ છે. પૌરાણિક માન્યતાઅનુસાર ભગવાન દત્તાત્રય ધ્યાન કરતા હતા ત્યારે ત્યાં શિયાળો નું ટોળું આવ્યું હતું તેમને ધ્યાન માંથી જાગી ને આ ટોળાંને ભોજન કરાવ્યચ હતું ત્યારથી આ મંદિર 400 વર્ષ પુરાની પરંપરા ચાલી આવે છે. હાલમાં પણ આ મંદિરે સાંજના આરતી સમયે શિયાળોનું ટોળું પ્રશાદ જમવા આવે છે. તેને જોવા માટે પ્રવાસીઓની ભીડ જોવા મળે છે.

**9) છરી–ઢંઢ**

આ છરી ઢંઢ કચ્છ માં આવેલું એક પ્રવાસન સ્થળ છે. છરી નો અર્થ થાય છે ક્ષાર અને ઢંઢ એટલે છીછરું જળપ્લાવિત ક્ષેત્ર. નાના છીછરા  માટે સિંધી ભાષામાં ઢંઢ એવો શબ્દ છે. આ જળપ્લાવિત ક્ષેત્રમાં 300 થી વધારે પક્ષીઓની જાતિઓ જોવા મળે છે અને તેમાં ખાસ કરીને રેપટર્સ, વોટરફ્લાય, વેડર વગેરે ખાશ છે. કચ્છ નું આ સ્થળ પ્રકૃતિપ્રેમી પ્રવાસીઓ માટે આકર્ષણ નું કેન્દ્ર બન્યું છે.

10)માતાનો મઢ

માતાનો મઢ કચ્છ માં આવેલું એક પ્રખ્યાત તીર્થસ્થાન છે. આ સ્થળ ગુજરાત માં ખાસ ધાર્મિક મહત્વ ધરાવે છે. માતાના મઢના મંદિરના ઈતિહાસ સાથે ખાસ જોડાણ છે. આશપુરા માતાજી કચ્છના ચૌહાણ વંશ ની કુળદેવી છે. અને તેમના દ્વારા આ મંદિર નું નિર્માણ કરવામાં આવ્યું હતું. આજે આ મંદિર તેની ધાર્મિકતાના કારણે પ્રખ્યાત બન્યું છે.

❖ **કચ્છની ઈકોનોમિમાં પ્રવાસનનો ફાળો**

1. હસ્તકલા ઉધોગ

કચ્છના કારીગરો દ્વારા જે હસ્તકલા, બ્લોક પ્રિન્ટિંગ અને મટકાકામ જેવી કલાકામ કરેલી વસ્તુઓ અન્ય સ્થળો પર જોવા મળતી નથી. આ કલા દ્વારા તૈયાર કરવામાં આવેલી વસ્તુઓના વેચાણ દ્વારા ત્યાંના સ્થાનિક લોકોને આવક અને આજીવિકા પુરી પાડે છે. કચ્છ માં આવેલા પ્રવાસન સ્થળો પર આવતા દેશ–વિદેશ ના પ્રવાસીઓમાં આ કલાકામ દ્વારા તૈયાર કરવામાં આવેલી વસ્તુથી આકર્ષાય છે. જયારે તેના દ્વારા સ્થાનિક કારીગરો ને આવક પ્રાપ્ત થાય છે. આમ એક રીતે ત્યાં વસવાટ કરતા સ્થાનિક લોકો માટે પ્રવાસન સ્થળો એક રોજગારી સ્વરૂપ અને આજીવિકા પૂરીપાડતું ક્ષેત્ર છે.

2.હોટેલ અને ગેસ્ટ હાઉસ

કચ્છમાં આવેલા વિવિધ પ્રવાસન સ્થળો વધારે પ્રવાસીઓમાં એક આકર્ષણ નું કેન્દ્ર બન્યા છે. જેના દ્વારા દેશ –વિદેશ થી પ્રવસીઓ કચ્છ ની મુલાકાતે આવે છે. આ દેશ–વિદેશ થી આવતા પ્રવશીઓની વધતી જતી સંખ્યા ના આધારે ત્યાં વધારે પ્રમાણ માં હોટલો અને ગેસ્ટ હાઉસ ની વિકાસ થવા પામ્યો છે. આ વધતી જતી હોટલો અને ગેસ્ટ હાઉસો ની સંખ્યા ત્યાંના સ્થાનિક લોકો માટે વધારે લાભદાયક સાબિત થાય છે કેમકે હોટેલ તૈયાર કરવામાં શ્રમશક્તિ ની જરૂરિયાત દ્વારા સ્થાનિક લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે. જયારે હોટેલ માં જરૂરી સ્ટાફ અને સંચાલનમાં જરૂરી સટાફની નિમણુંકના દ્વારા સ્થાનિક રોજગારી પ્રાપ્ત થાય છે. પ્રવિસીઓની હેરફેર ના કારણે સ્થાનિક બજારની રચના થાય છે. જેમાં સ્થાનિકલોકો દ્વારા ઉત્પાદિત વસ્તુઓ અને નાના ફૂડ્સ સ્ટોલ દ્વારા નાણાકીય આવકના સ્ત્રોતોનો વિકાસ થાય છે.

3. ખાનગી પ્રવાસન સેવા

કચ્છના પ્રવાસે આવતા દેશ–વિદેશના પ્રવાસીઓને તે સ્થળો અંગેની માહિતી પૂરું પાડનાર ટુરિસ્ટ ગાઈડ્સ નો વિકાસ થાય  છે તેમને ગાઈડ્સ ને સેવા અને માહિતગાર કરવાના બદલામાં નાણાકીય વળતર પ્રાપ્ત થાય છે. અને કચ્છ માં આવેલા અન્ય પ્રવાસન સ્થળોમાં પ્રવાસન માત્ર સ્થાનિક વાહનો નો ઉપયોગ કરવામાં આવે છે જેના દ્વારા સ્થાનિક ડ્રાઈવરો ને આવક પ્રાપ્ત થાય છે. જેમકે કચ્છ ના રણમાં ફરવા માટે ઊંટની સવારી કરવામાં આવે છે જેના ઊંટગાડીના માલિક અને ચાલકોને નાણાંકીય આવક પ્રાપ્ત થાય છે. જયારે તેની સાથે–સાથે આવા સ્થળો પર પ્રવાસીઓની વધતી અવર–જવર ના કારણે ત્યાં ફૂડ વેન્ડર જેવી જરૂરિયાતની વસ્તુઓની સ્ટોલોનો વિકાસ થાય છે. જેના દ્વારા સ્થાનિક લોકોમાં આવકસર્જન થાય છે.

4.ઉદ્યોગ અને રોકાણ

કચ્છમાં આવેલા પ્રવાસન સ્થળો તેમની સંસ્કૃતિ અને કલાના કારણે વિશ્વભરમાં જાણીતા બન્યા છે. જેમાં કચ્છ નું રણ મુખ્ય છે. જયારે આવા પ્રવસાન સ્થળોમાં ઉજવાતા વિવિધ ઉત્સાવોનો પણ ફાળો મુખ્ય છે. જેમાં ગુજરાત સરકાર દ્વારા કચ્છ માં 2005 થી રણ ઉત્સવનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે જેમાં આવતા વધારે પ્રવાસીઓની સંખ્યાઓને ધ્યાન માં રાખી ત્યાં હોટેલ ઉધોગ અને ગેસ્ટ હાઉસમાં ખાનગીક્ષેત્રે રોકાણ કરવામાં આવે છે વધારે જનસંખ્યા આવતા વધારે હોટલો અને ખાવા –પીવાની વસ્તુઓની માંગ વધશે જેના પરિણામે સ્થાનિક બજાર નું સર્જન થાય છે જેમાં સ્થાનિક લોકોને પણ પોતાની સ્થાનિક બનાવટની વસ્તુ અને નાના ધંધા નો વિકાશ થાય છે જેના દ્વારા ત્યાંના સ્થાનિક લોકોની આવક માં વધારો થાય છે.

5.એગ્રીકલચર અને મીઠુ

કચ્છનો મીઠા ઉદ્યોગ પણ એક રીતે ટુરીઝમ સાથે સંકળાયેલ છે કારણકે કચ્છમાં વિશાળ પ્રમાણમાં મીઠું ઉત્પાદન કરવામાં આવે છે જેથી તેને સફેદ રણ તરીકે ઓળખવામાં આવે છે. કચ્છમાં કરવામાં આવતી મીઠાંની ખેતી મોટા પ્રમાણમાં ત્યાંના સ્થાનિક લોકોને આજીવિકા પુરી પાડે છે. કચ્છ માં ઉત્પાદન કરવામાં આવતું મીઠાનો સમગ્ર જગ્યાએ વેપાર કરવામાં આવે છે જેના દ્વારા નાણાકીય આવક પ્રાપ્ત થાય છે. અહીં મીઠાનું ઉત્પાદન મોટા પાયે કરવામાં આવતું હોવાથી મોટા પાયા પર રોજગારી નું સર્જન થાય છે. કચ્છનો મીઠા ઉદ્યોગ સ્થાનિક લોકો માટે જીવન દોરી સમાન છે.

6.ઉર્જા અને ઉધોગવિકાસ

કચ્છનો રણ તેના વિશાળ વિસ્તારના કારણે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. કચ્છના રણમાં તાપમાનનું પ્રમાણ વધારે હોવાથી ત્યાં સૌર ઉર્જાના ઉદ્યોગોનો વિકાસ થયો છે. અને કચ્છના દરિયા કિનારાના વિસ્તારો જ્યાં ઊંચી હવાના કારણે પવન ઊર્જાનો વિકાસ થયો છે આવા વિશાળ પ્રોજેક્ટના નિર્માણ દ્વારા સ્થાનિક લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે. કચ્છના લોકોને રોજગારીમાં ઉર્જા ઉદ્યોગનો મહત્વનો ફાળો રહ્યો છે.

7.રણ ઉત્સવનો પ્રભાવ

કચ્છનું રણ એક આગવી ઓળખ સાથે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જ્યારે ગુજરાત સરકાર દ્વારા તેના વિકાસ માટે 2005 થી રણ ઉત્સવ નું આયોજન કરવામાં આવે છે જે માત્ર રણઉત્સવ પૂરતો સીમિત નથી તે આર્થિક રીતે પણ મહત્વનું સાબિત થાય છે. કચ્છના સ્થાનિક લોકો દ્વારા હસ્તકલાકા, કાપડ પર ચિત્રકામ, જેવી વસ્તુઓની બનાવટ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બને છે જેની દેશ વિદેશના લોકો દ્વારા માંગ થાય છે. ચણા વેચાણ દ્વારા સ્થાનિક લોકોને નાણાકીય આવક પ્રાપ્ત થાય છે. આ રણ ઉત્સવ દરમ્યાન કેમલ ગાડી રાઈડિંગ, હોટ એર બલૂન સવારી જેના દ્વારા સ્થાનિક લોકોને નાણાકીય આવક પ્રાપ્ત થાય છે.

❖ **કચ્છના ભાવિ સુધારા**

1. ઈકો ટુરીઝમ

કચ્છના વિવિધ પ્રવાસન સ્થળો જેમાં ઐતિહાસિક સ્થળો અને સાંસ્કૃતિક સ્થળો જે પ્રવાસીઓમાં આકર્ષણ રૂપ છે. કચ્છમાં આવેલા જળ અભ્યારણો અને સરોવરોને સરકારના સંરક્ષણ હેઠળ રાખીને તેનો વિકાસ કરી શકાય છે તેમાં આવતા વિભિન્ન જાતિના પક્ષીઓને સલામતી અને કુદરતી વાતાવરણ જળવાઈ રહે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ. કચ્છના આર્થિક વિકાસ પાછળ આવા અભ્યારણ અને પ્રવાસન સ્થળોનો મહત્વનો ફાળો રહ્યો છે તો આવા ઈકો ટુરીઝમનો વૈશ્વિક સ્તરે વિકસે તેવા પ્રયાસો કરવા જોઈએ. અભ્યારણો અને પ્રવાસન સ્થળોમાં સ્વચ્છતા જળવાઈ રહે તેની તકેદારી રાખવી જરૂરી બને છે. જેના દ્વારા પ્રવાસન સ્થળોની સુંદરતા અને સંસ્કૃતિની જાળવણી થઈ રહે. આમ કરવાથી પ્રવાસન પર પ્રવાસીઓની સંખ્યા માં વધારો થશે અને તે સ્થળનો આર્થિક વિકાસ થશે.

2.ઉર્જા અને ઉધોગોનો વિકાસ

કચ્છના અમુક દરિયા કિનારાના વિસ્તારો ક્યાં હવા વધારે ગતિથી ફૂંકાય છે ત્યાં પવન ઊર્જાનો વિકાસ થયો છે. તેને વધુ વેગ મળે અને એક અનોખા ઉર્જા ક્ષેત્રનો વિકાસ થાય તેવા નવા ઉર્જા પ્રોજેક્ટ હાથ ધરવા જોઈએ. જેના માટે સરકાર દ્વારા આર્થિક સહાય કે સબસીડી માં વધારો કરવામાં આવે તો ઉર્જા ક્ષેત્રને પ્રોત્સાહન મળશે જેના દ્વારા સ્થાનિક રોજગારીનું સર્જન થશે. કચ્છના રણમાં સોલાર પેનલ ના દ્વારા સોર ઉર્જા ઉત્પાદન વધારવા માટે અને સોલાર પેનલના સ્ટ્રક્ચર ખર્ચમાં રાહત મળે તેવા સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવે તો સોલર પેનલ દ્વારા સૌર ઊર્જા નું ઉત્પાદન વધારી શકાય છે. જે ભવિષ્યમાં વધતી જતી વસ્તી અને ભાવી વીજળીની માંગને પહોંચી વળવા માટે ઉપયોગી સાબિત થાય છે. વીજળીના ઉત્પાદન દ્વારા અન્ય ઉદ્યોગોને પ્રોત્સાહન આપી શકાય છે.

3.કલા અને હસ્તકલા

કચ્છના સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવતું હસ્તકલાકામ, કાપડ પર ચિત્રકામ, જેવા કામ માટે કચ્છ જાણીતું છે તો આવી પ્રાચીન કલા અને સંસ્કૃતિ જળવાઈ રહે તે અંગે સરકારે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે તો ભાવિ પેઢીને આ કલા અંગેનું જ્ઞાન અને માહિતી વારસા સ્વરૂપે પ્રાપ્ત થઈ શકે. પ્રાચીન કલાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વસ્તુનું વૈશ્વિક બજાર પૂરું પાડવામાં આવે તો આ  વસ્તુઓ વિશ્વવિખ્યાત બની શકે જેના દ્વારા કચ્છના સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન પૂરું પાડી શકાય. અને સ્થાનિક લોકોની આજી વિકા સમાન પ્રાચીન કલાનો વિકાસ થાય જેના દ્વારા કચ્છના લોકોની માં સુધારો લાવી શકાય.

4.મહિલાઓ માટે રોજગાર

કચ્છની હસ્તકલા અને કારીગરી મહિલાઓને રોજગારી અને આજીવિકા પૂરી પાડે છે તો આ હસ્તકલાને પ્રોત્સાહન આપવામાં આવે જેમાં નાણાકીય સહાય દ્વારા હસ્તકલા,ભરતકામ અને કાપડ પર ચિત્રકામ કરતી મહિલાઓ માટે ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગો દ્વારા મહિલાઓને રોજગારી પૂરી પાડી શકાય. એક મહિલાનો વિકાસ એ સમગ્ર પરિવારનો વિકાસ,અને સમગ્ર દેશનો વિકાસ એવી વિચારધારા પ્રમાણે કચ્છની મહિલાઓ અને તેમની કલાને પ્રાધાન્ય આપવામાં આવે તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવી શકાય. અને કચ્છની ભાવિ મહિલાઓને પણ આ હસ્તકલા ઉદ્યોગ સાથે જોડાવાની અને તેના દ્વારા રોજગારી મેળવાનું પ્રોત્સાહન પ્રાપ્ત કરી શકે.

5.ખાનગી રોકાણ

પ્રવાસન સ્થળો નો વિકાસ તેના આનુસંગિક વિકાસને પ્રોત્સાહન આપે છે. કચ્છનો વિકાસ ખાનગી મૂડી રોકાણને પ્રોત્સાહન આપે છે. કચ્છના રણ વિસ્તાર અને દરિયા કિનારાના વિસ્તાર માં જો સરકાર દ્વારા નાણાકીય સહાય દ્વારા, સબસીડી દ્વારા જો પ્રોત્સાહન આપવામાં આવે તો સૌર ઊર્જા અને પવન ઊર્જા ક્ષેત્રે ખાનગી રોકાણને પ્રોત્સાહન આપી શકાય. આવા મોટા પ્રોજેક્ટ દ્વારા સ્થાનિક રોજગારીનું સર્જન કરી શકાય છે. તદુપરાંત પ્રવાસન સ્થળોના વિકાસ દ્વારા અન્ય ખાનગી હોટલ,રેસ્ટોરન્ટ, અને ગેસ્ટ હાઉસ જેવા ક્ષેત્રમાં ખાનગી રોકાણને પ્રોત્સાહન મળે છે આમ આના વિકાસ દ્વારા એક નાના સ્થાનિક બજારની રચના થાય છે. જેમાં હસ્તકલા ની વસ્તુઓ અને ચિત્રકામની કૃતિઓ વગેરેનું વેચાણ શક્ય બનાવી શકાય જેના દ્વારા સ્થાનિક લોકો ની નાણાકીય આવક માં વધારો કરી શકાય.

6.સ્થાનિક રોજગારી નું સર્જન

ગુજરાત સરકાર રણમાં ઉજવાતો રણ ઉત્સવ આર્થિક વિકાસમાં અને રોજગારી સર્જનમાં ઘણો મહત્વનો ફાળો આપે છે.તેના દ્વારા સ્થાનિક લોકો ને નાણાકીય આવક પ્રાપ્ત થાય છે. આ દર વર્ષે ઉજવાતો રણોત્સવ ઘણી બધી નાણાકીય આવકનો સર્જન સ્ત્રોત છે. જો સરકાર દ્વારા આવા આ પ્રવાસન સ્થળો પર ઉત્સવોનું આયોજન દ્વારા પ્રોત્સામાં આપવામાં આવે તો તેના દ્વારા સ્થાનિક રોજગારી આપી શકાય. કચ્છમાં ઊર્જાક્ષેત્ર પ્રોજેક્ટ હાથ ધરવામાં આર્થિક સહાય દ્વારા પ્રોત્સાન આપી સ્થાનિક રોજગારી માં વધારો કરી શકાય છે. પ્રવાસન સ્થળો ની આજુબાજુ ખાનગી હોટલો અને રિસોર્ટ ને પ્રોત્સાહન આપવમાં આવે તેમને હોટલના નિર્માણ માટે જમીન સસ્તા દરે આપવી જેવા પ્રોત્સાહન દ્વારા હોટલોનો વિકાસ દ્વારા હોટલો અને રિસોર્ટ માં તેના સ્ટાફની નિમણુંક અને સંચાલન માં સ્થાનિક લોકો ને રોજગારી આપી શકાય છે.

7.સુવિધાઓનું નવીનીકરણ

કચ્છના પ્રવાસન સ્થળોને જોડતા સડકોનું અને નવા ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવે જેના દ્વારા પરિવહન સરળ બની શકે છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ સરકાર દ્વારા જો ખર્ચ કરવામાં આવે તેમાં સારા રસ્તાઓ અને તેના દ્વારા વાહન વ્યવહાર સરળ બને છે સારા રસ્તાઓ નો વિકાસ જે ખાનગી રોકાણ અને હોટલો ના નિર્માણ માં પ્રોત્સાહન સ્વરૂપ સાબિત થાય છે.

8.વૈશ્વિક ટુરીઝમ

કચ્છનું રણ અને કચ્છમાં આવેલા વિવિધ પ્રવાસ સ્થળ વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. જો આ પ્રવાસન સ્થળોનો વિકાસ વૈશ્વિક ટુરીઝમ ના સ્વરૂપ માં વિસ્તારવામાં આવે તો તેનો વિકાસ દ્વારા કચ્છનો આર્થિક વિકાસ શક્ય બની શકે છે. કચ્છની હસ્તકલા અને સંસ્કૃતિ વિશ્વમાં જાણીતી બને અને કચ્છની પ્રાચીન કલાની વસ્તુઓ નો વિશ્વમાં વેપાર થાય તે અંગેના બજારો ને પ્રોત્સાહન આપવામાં આવે તો વૈશ્વિક સ્તરે પ્રાચીન વસ્તુઓની માંગમાં વધારો તેના સ્થાનિક લોકોને વધુ ઉત્પાદન કરવા પ્રેરણા પૂરી પાડે છે. કચ્છમાં આવેલા નારાયણ સરોવર, અભ્યારણો, જળ પ્લાવિત ક્ષેત્ર, જેવા કુદરતી પ્રવાસન સ્થળો સુંદરતા અને મહત્વતા જળવાઈ રહે તે માટે સરકાર દ્વારા તેને સંરક્ષણ હેઠળ રાખવામાં આવે જેના દ્વારા અને સુંદરતા યથાવત રહી શકે. કચ્છની સંસ્કૃતિ વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. જેને સરકાર દ્વારા સંરક્ષણ આપી પ્રાચીન સંસ્કૃતિ અને કલાઓ ભવિષ્ય માં યથાવત રહે તેને ભાવિ પેઢીઓને વારસા સ્વરૂપ આપી શકાય તેવા પ્રયાસ કરી શકાય.

❖ તારણો:

1)કચ્છનું સફેદ રણમાં ડીસેમ્બર થી ફેબ્રુઆરી ત્રણ મહિના સુધી રણ ઉત્સવ ઉજવાય છે. તે સમય દરમિયાન વધુ પ્રવાસીઓ આવે છે. આ રણઉત્સવમાં હસ્તકળા, ખાદ્યપદાર્થો, મહિલા દ્વારા ભરતગુંથણના વિવિધ સ્ટોલમાં તેનું વેચણ કરવામાં આવે છે. તેથી કચ્છના લોકોની આવક વધે છે.

2)કચ્છ જીલ્લાનું માંડવી દરિયાઈ કિનારો ધરાવે છે. માટે તે બંદર અને વેપાર, મીઠાઉદ્યોગનું કેન્દ્ર તરીકે ઓળખાય છે. ત્યાં જહાજનું નિર્માણ, વસ્તુ વેપાર માટે વધુ ઉપયોગી બંદર છે.

3)કચ્છ હસ્તકલાક્ષેત્રે વિવિધ પ્રકારની કળા માટે પ્રખ્યાત છે. તેમાં બ્લોક પ્રિન્ટીંગ, મટકાકામ વગેરે દ્વારા ત્યાના લોકોની રોજગારી પૂરી પડે છે.

4)કચ્છના રણમાં પવનઉર્જાનો વિકાસ થયો છે. તેના હેઠળ ઉર્જા પ્રોજેક્ટ વિકસાવામાં આવ્યા છે.

5)રન ઉત્સવના કારણે હસ્તકલા, કાપડ પર ભરતગુંથણ, ચિત્રકામ વગેરે દ્વારા ત્યાના લોકો વધુ આવક પ્રાપ્ત કરે છે.

6)કચ્છના રન ઉત્સવથી પરિવહન સેવા,હોટલ સેવામાં વધારો થાય છે. તેથી રાજ્ય સરકાર અને સ્થાનિક લોકોની આવકમાં વધારો થાય છે.

❖ **સૂચનો**

1)કચ્છ જીલ્લો વિસ્તારની દ્રષ્ટીએ ખુબ મોટો છે. કચ્છના આર્થિક વિકાસમાં વધારો થાય તે માટે વધુ હસ્તકળા, મીઠાના ઉદ્યોગ અને વેપાર ઉદ્યોગ વધુ પ્રમાણમાં સ્થાપવા જોઈએ.

2)કચ્છમાં રન વિસ્તાર વધુ છે. તેથી પવનઉર્જાના ઉપયોગથી વીજળીનું વધુ ઉત્પાદન મેળવી શકાય છે. માટે પવન ઉર્જા વધુ પ્રાપ્ત થાય તેવા પ્રોજેક્ટનો વિસ્તાર કરવો જોઈએ.

3)કચ્છ જીલ્લામાં શિક્ષણનું સ્તર ઓછુ છે.માટે શિક્ષણનું પ્રમાણ વધે તેવા પ્રયત્નો હાથ કરવા જોઈએ.

4)કચ્છમાં રણ ઉત્સવના કારણે પરિવહન સેવામાં વિકાસ કરવો ખુબ જરૂરી છે. તેથી પ્રવાસીઓ સરળતાથી પરિવહન કરી શકે.

5)કચ્છના લોકોને તેમની સાંસ્કૃતિક કળા અને કૌશલ્યની વસ્તુઓ વિશ્વના દરેક દેશના તેનુ નિકાસ થાય તેવા પ્રોત્સાહન આપવા જોઈએ.

❖ **નિષ્કર્ષ**

આ સંશોધન પેપર માં કચ્છમાં આવેલા વિવિધ પ્રખ્યાત પ્રવાસન સ્થળો જેમકે કચ્છનું રણ,ભુજ, ધોળાવીરા, માંડવી, લખપત કિલ્લો, ખાવડા ગામ, નારાયણ સરોવર, કાળો ડુંગર, છરી ઢંઢ અભ્યારણ, ખવડા હસ્તકલા વિલેજ, માતાનો મઢ, જેવા ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો વિશે જાણી શકાય છે. કચ્છમાં આવેલા પ્રવાસન સ્થળો જે આર્થિક ઉપયોગીતા અને આર્થિક વિકાસ માં પ્રવાસન સ્થળો નો ફાળો કેટલો રહેલો છે અને કયા પ્રકારે રોજગારી અને નાણાકીય આવક પુરી પાડે છે તે અંગે દર્શાવામાં આવે છે. હસ્તકલા દ્વારા કચ્છ ના લોકો ને કેવી રીતે નાણાકીય આવક થાય છે વગેરે દર્શાવવામાં આવ્યું છે. અને અંત માં કચ્છ ના ભાવિ સુધારા અંગે રજુઆત કરવામાં આવી છે. કયા–કયા ક્ષેત્ર માં વિકાસ કરવામાં આવે તો રોજગારી તકો અને નાણાકીય આવક માં વધારો કરી શકાય, રોજગારી ની ભાવિતકો નો વિસ્તાર, હસ્તકાલ ઉધોગ ને પ્રોત્સાહન, મહિલા રોજગારી નું સર્જન, ઉર્જા ક્ષેત્ર નો વિકાસ, વૈશ્વિક સ્તરે ટુરિસમ નો વિકાસ, પરિવહન સેવાનો વિસ્તાર વધારવો,પ્રવાસન સ્થળો પર સ્વછતા અને સંરક્ષણ દ્વારા વિકાસ કરવો. કચ્છ ની હસ્તકલા અને સ્થાનિક કલા નો વિકાસ થાય તેવા પ્રોત્સાહન પગલાં લેવા જોઈએ જેવા કચ્છ અને પ્રવાસન ક્ષેત્ર ના ભાવિ સુધારા દ્વારા કચ્છનો આર્થિક વિકાસ થાય તે અંગેના માર્ગદર્શક પગલાં લઈ શકાય.

❖ સંદર્ભસૂચિ :


1. GOG, (1991). statistical Outline Of Gujarat Directory Of Economics And Statistics, Government Of Gujarat, Gandhi Nagar.
2. April-(1999). Journal Of Arid Environment Volume-41,Issue-4, Page.463-477.
3. (2013-14).Gujarat Statistical Abstract, government of Gujarat, Gandhinagar, Gujarat.
4. (2022-2023).Socio-Economic Review, Directorate of Economics and Statistics, Gandhinagar, Gujarat State, Budget Publication No:34
5. https://kachch.nic.in
6. https://gujarat.Indian